

શીતળા સાતમ - શીતળતા જીવનનું અનિવાર્ય અને આવકારદાયક સ્વરૂપ છે... બારેમાસ રસોડામાં રસોઈ બનાવવા ગરમી સાથે જીવતી મહિલા શક્તિ એક દિવસ શીતળતાની અનુભૂતિ માટે રસોડુ બંધ રાખે અને જીવનમાં શીતળતા માટે શીતળા-માતાનું પૂજન-અર્ચન કરે છે... સોમવારે સવારથી જ મંદિરોમાં શીતળા માતાની માટીના મૂર્તિ બનાવી તેના પૂજન - અર્ચન માટે મોટી સંખ્યામાં મહિલાઓ ઉમટી હતી...

# જિલ્લામાં સ્વાઈન ફ્લુ વકર્યો

**જિલ્લામાંથી નવ કેસ મળ્યા : ગાંધીનગર તાલુકાના પેથાપુર, રાયસણ, કોટેશ્વર, આદરજમોટી, વાવોલ, પાલજમાંથી કેસો મળ્યા : જેમાં ૧ મહિલા અને ૧ બાળકીનો પણ સમાવેશ : જિલ્લાનો કુલ આંક ૩૮૫૨ પહોંચ્યો : આજે એક દર્દીનું સારવાર દરમ્યાન મોત**

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લામાં આજે સ્વાઈન ફ્લુના નવ પોઝીટીવ કેસ નોંધાયા છે. તો એક દર્દીનું સારવાર દરમ્યાન મોત થયુ છે. જિલ્લામાં બેકાબુ બની રહેલા સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા ૩૮૫૨ પહોંચી છે. જ્યારે શહેરના ૧૧ કેસ થયા છે. આમ સમગ્રતયા જિલ્લામાં સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા ૪૯૫૨ પહોંચી છે.

આજે જિલ્લામાં સૌથી વધુ પોઝીટીવ કેસ ગાંધીનગર તાલુકામાંથી મળી આવ્યા છે. જેની સંખ્યા ૭ છે. જ્યારે માણસા અને દહેગામમાંથી એક-એક કેસ મળી આવેલ છે.

મળતી વિગતો પ્રમાણે દહેગામ તાલુકાના લાલુજીની મુવાડી ગામનો એક કેસ સ્વાઈન ફ્લુ પોઝીટીવ મળી આવેલ છે. જે હાલ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

માણસા તાલુકાના લોદરામાંથી પણ વધુ એક કેસ સ્વાઈન ફ્લુ

● અનુસંધાન પાન-૨ પર

# ચોટીકાંડ બીજું કંઈ નહી એક તૂત-હંબગ વાર્તા છે : મુખ્યમંત્રી

અમદાવાદ,તા. ૧૪

અમદાવાદ શહેર સહિત સમગ્ર રાજયભરમાં ચકચાર જગાવનાર ચોટીકાંડ મામલે સીઆઈડી ક્રાઈમે ચોટીકાંડના તૂતનો પર્દાફાશ કરી નાંખ્યો છે કે ચોટીકાંડ બીજુકંઈ નહી પરંતુ માનવસર્જિત ઉભુ કરાયેલું તૂત છે. આજે પણ શહેરના ઓઢવ સહિત રાજયની અન્ય ચોટીકાંડની ઘટનાઓમાં મહિલાઓએ જાતે જ ચોટલી કાપી હોવાની કબૂલાત કરતાં સીઆઈડી ક્રાઈમના તારણને મજબૂત સમર્થન મળ્યું છે. આજે ખુદ રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પણ જણાવ્યું હતું કે, ચોટીકાંડ એ ખોટુ તૂત અને હંબગ વાર્તા છે. કેટલાક લોકો દ્વારા આયોજનપૂર્વકનું આ કૃત્ય છે.

● અનુસંધાન પાન-૨ પર








ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. હિંમતનગર

હિંમત હાઈસ્કૂલ સામે, સ્ટેશન રોડ, હિંમતનગર, જી. સાબરકાંઠા - ૩૮૩૦૦૧

સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે સર્વેને હાર્દિક શુભેચ્છાઓ.....

તા. ૩૧-૩-૨૦૧૭ની સ્થિતિ

માન્યવર થાપણદારોનો વિશ્વાસ
થાપણો - રૂ. ૧૭૨૫.૦૮ કરોડ

ધિરણો
ખેતી ૧૧૪૪.૪૫ કરોડ
બિનખેતી ૧૬૯.૮૬ કરોડ

શેર ભંડોળ
રૂ. ૨૯.૮૨ કરોડ

સન્માનનીય ગ્રાહકોની સેવા
બેંકની ૧૧૫ સીબીએસ શાખાઓમાં

તમામ ગ્રાહકો માટે ત્વરીત ફંડ ટ્રાન્સફર માટે
RTGS/NEFT તેમજ ડ્રાફ્ટની સગવડ વિના મૂલ્યે

સૌના વિશ્વાસની મૂડી
૬૦ વર્ષથી સતત પ્રગતિ અને ઉન્નતિ

મહેશભાઈ એ. પટેલ
ચેરમેન

એચ. પી. નાયક — ચીફ એક્ઝીક્યુટીવ
રાજેન્દ્રસિંહ એન. ભાટી — વાઈસ ચેરમેન
જયંતિભાઈ જે. પટેલ — માનદ્ મેનેજીંગ ડીરેક્ટર

સ્વાતંત્ર્ય દિન નિમિત્તે
હાર્દિક શુભેચ્છાઓ....



શ્રી રાજેન્દ્રસિંહજી ચાવડા
ધારાસભ્ય, હિંમતનગર


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com